# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે આભાર પ્રસ્તાવ પર સંસદના બંને ગૃહોમાં વિપક્ષના હોબાળા વચ્ચે કાર્યવાહી સતત ત્રીજા દિવસે ખોરવાઈ.

2) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટતા કરી કે, સરકારે ભારત-અમેરિકા વેપાર કરારમાં ખાતર અને કૃષિ જેવા ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપ્યું.

3) આધાર ડેટાબેઝની ચોકસાઈ અને અખંડિતતા જાળવવા UIDAI એ અઢી કરોડથી વધુ મૃત વ્યક્તિઓના આધાર નંબરો નિષ્ક્રિય કર્યા.

4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજથી મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનનો અંત લાવ્યો.

5) અંડર-19 એક દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં , ઝિમ્બાબ્વેમાં રમાઇ રહેલી બીજી સેમિફાઇનલ મેચમાં અફઘાનિસ્તાને ભારતને 311 રનનો લક્ષ્યાંક આપ્યો

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LS – MOTION OF THANKS

રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર આજે સંસદના બંને ગૃહોમાં વિપક્ષના હોબાળા વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ. લોકસભાની કાર્યવાહી સતત ત્રીજા દિવસે ખોરવાઈ ગઈ. કોંગ્રેસ , ડીએમકે, ટીએમસી અને અન્ય વિપક્ષી પક્ષોએ અમેરિકા-ભારત વેપાર સોદા અને ચીન સાથેના સરહદી મુદ્દાઓ પર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. લોકસભા ત્રણ વખત મુલતવી રાખવામાં આવી અને અંતે દિવસભર માટે મુલતવી રાખવામાં આવી.

લોકસભાએ આજે રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ફરી શરૂ કરી. ચર્ચામાં ભાગ લેતા તેલુગુ દેશમ પાર્ટીના જી .એમ. બાલયોગીએ આભાર પ્રસ્તાવને ટેકો આપતા કહ્યું કે રાષ્ટ્રપતિના ભાષણમાં સુધારા , સમાવેશ અને લાંબા ગાળાની સ્પર્ધાત્મકતા પર આધારિત એક આત્મવિશ્વાસપૂર્ણ રાષ્ટ્રીય રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે.

ભાજપના નિશિકાંત દુબેએ આભાર પ્રસ્તાવને ટેકો આપ્યો અને કોંગ્રેસ શાસન દરમિયાન ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો . જ્યારે તેમણે પૂર્વ પ્રધાન મંત્રી જવાહરલાલ નેહરુ અને ઇન્દિરા ગાંધી સંબંધિત પુસ્તકોનો ઉલ્લેખ કર્યો.

. . . . . . . . . . . . .

# RS – MOTION OF THANKS

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા આજે રાજ્યસભામાં ફરી શરૂ થઈ. ચર્ચામાં ભાગ લેતા, ગૃહના નેતા, જે.પી. નડ્ડાએ કહ્યું કે રાષ્ટ્રપતિનું અભિભાષણ દેશની વિકાસગાથાને પ્રતિબિંબિત કરે છે અને અત્યંત પ્રેરણાદાયક છે.

તેમણે કહ્યું કે તેમનું ભાષણ અમૃતકાલની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને મોદી સરકારની સિદ્ધિઓને પણ ઉજાગર કરે છે. શ્રી નડ્ડાએ કહ્યું કે પાંચ સૌથી નબળા અર્થતંત્રોમાંના એકમાંથી , ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની ગયું છે.

(બાઈટ – જેપી નડ્ડા)

. . . . . . . . . . . . .

# RS – PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે સ્પષ્ટતા કરી કે સરકારે ભારત-અમેરિકા વેપાર કરારમાં ખાતર અને કૃષિ જેવા સંવેદનશીલ ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપ્યું છે . શ્રી ગોયલે રાજ્યસભામાં જણાવ્યું હતું કે આ કરાર નાના અને મધ્યમ કદના વ્યવસાય ો - MSME, કુશળ કામદારો અને ઉદ્યોગોને નવી તકો પૂરી પાડશે.

તેમણે જણાવ્યું હતું કે આ કરાર ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવશે , રોજગારીની તકો વધારશે અને આર્થિક વિકાસને વેગ આપશે.

(BYTE --PIYUSH-GOYAL-TARIF)

શ્રી ગોયલે એમ પણ કહ્યું હતું કે તે બંને દેશો વચ્ચે વેપાર માટે નવા માર્ગો ખોલશે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે અમેરિકામાં ભારતીય નિકાસ પર ટેરિફ ઘટાડીને 18 ટકા કર્યો છે.

ચર્ચામાં ભાગ લેતા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લ ગાવ્યો કે મોદી સરકારના શાસનમાં સામાજિક ન્યાય અને સંવાદિતા બગડી છે. તેમણે કહ્યું કે મહિલાઓ ભાજપ માટે ફક્ત વોટ બેંક બની ગઈ છે . વિપક્ષના નેતાએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ તેના કાર્યકાળ દરમિયાન પારદર્શિતા લાવવા માટે માહિતી અધિકાર કાયદો લાગુ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# KIRAN RIJJU

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની સંસદીય નિયમોનું પાલન ન કરીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ ટીકા કરી છે. તેમણે કહ્યું કે શ્રી ગાંધી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર નિયમોની બહાર બોલવા માંગતા હતા.

[બાઈટ-કિરેન રિજિજુ-૧૯ સેકન્ડ]

. . . . . . . . . . . . . .

# RS - NARCOTICS

ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં એક લાખ કરોડ રૂપિયા થી વધુ કિંમતના 68 લાખ કિલોગ્રામથી વધુ માદક દ્રવ્યો નો જથ્થો જપ્ત કરવામાં આવ્યા છે.

તેમણે આજે રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી . ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે , સરકારે નશીલા પદાર્થોની હેરફેર સામે લડવા માટે વિવિધ પગલાં લીધાં છે.

. . . . . . . . . . . . .

# UIDAI

આધાર ડેટાબેઝની ચોકસાઈ અને અખંડિતતા જાળવવા માટે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા – UIDAI એ અત્યાર સુધીમાં અઢી કરોડથી વધુ મૃત વ્યક્તિઓના આધાર નંબરો નિષ્ક્રિય કર્યા છે.

આ માહિતી ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આપી હતી. શ્રી પ્રસાદે જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિના મૃત્યુ પછી , કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે આવા આધાર નંબરોનો છેતરપિંડી અને દુરુપયોગ અટકાવવા માટે તેનો આધાર નંબર નિષ્ક્રિય કરવો જરૂરી છે.

. . . . . . . . . . . . .

# VIRENDRA KUMAR

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી વીરેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા કરાર માત્ર દેશના  કુલ ઘરેલું ઉત્પાદન- GDP ને જ નહીં પરંતુ સામાન્ય જનતાની આર્થિક ક્ષમતાને પણ મજબૂત બનાવશે . તેમણે જણાવ્યું હતું કે આ કરાર ભવિષ્યમાં ઘણા ફાયદાકારક પરિણામો આપશે . કરારની વિપક્ષની ટીકા અંગે, શ્રી કુમારે જણાવ્યું હતું કે જનતામાં વિપક્ષની સ્વીકૃતિ હવે પૂર્ણ થઈ છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NAXAL

ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આજે સ્પષ્ટતા કરી કે સરકાર આ વર્ષે માર્ચ સુધીમાં નક્સલ મુક્ત ભારત માટે પ્રતિબદ્ધ છે અને પ્રધાન મંત્રીના નેતૃત્વમાં આ લક્ષ્ય પ્રા પ્ત કરવા માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે . રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન , શ્રી રાયે જણાવ્યું હતું કે સરકાર નક્સલવાદ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ ધરાવે છે.

તેમણે વધુમાં કહ્યું કે, ડાબેરી ઉગ્રવાદ સંબંધિત હિંસાના બનાવોમાં 88 ટકાનો ઘટાડો થયો છે. 2014 માં, અંદાજે 126 જિલ્લાઓ નક્સલવાદથી પ્રભાવિત હતા , જે હવે ઘટીને આઠ થઈ ગયા છે . 2014 માં, દસ રાજ્યો નક્સલવાદથી પ્રભાવિત હતા, હવે 2025 માં, આ સંખ્યા ઘટીને ત્રણ રાજ્યો થઈ છે.

. . . . . . . . . . . . .

# LS – AMRUT BHARAT

સરકારે જાહેરાત કરી છે કે અમૃત ભારત રેલવે સ્ટેશન પ્રોજેક્ટ હેઠળ ૧૭૨ રેલ્વે સ્ટેશનોનો પુનર્વિકાસ કરવામાં આવ્યો છે . રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે લોકસભામાં આ માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ હેઠળ વિકાસ કાર્ય માટે અત્યાર સુધીમાં એક હજાર ૩૩૭ સ્ટેશનોની ઓળખ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માસ્ટર પ્લાનમાં સ્ટેશન એક્સેસ રોડ , વેઇટિંગ રૂમ, શૌચાલય, બેઠક અને પીવાનું પાણી , પાર્કિંગ વિસ્તારો અને દિવ્યાંગો માટેની સુવિધાઓમાં સુધારાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# MANIPUR – PRESIDENT LAW

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજથી મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનન ે અંત લાવ્યો છે. ગયા વર્ષે 13 ફેબ્રુઆરીએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં ગૃહ મંત્રાલયે એક પરિપત્રમાં આ સૂચના જાહેર કરી છે. સૂચનામાં કહેવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ મુર્મુએ રાજ્યોને લગતા બંધારણના કલમ 356 હેઠળ ગયા વર્ષે જાહેર કરાયેલ રાષ્ટ્રપતિ શાસનની જાહેરાતને રદ કરી દીધી છે.

. . . . . . . . . . . . . .

# PM MODI – MALAYSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 7 અને 8 તારીખે મલેશિયાની સત્તાવાર મુલાકાતે જશે. આ મુલાકાત મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમના આમંત્રણ પર થઈ રહી છે . મલેશિયાની આ તેમની ત્રીજી મુલાકાત હશે . ઓગસ્ટ 2024 માં ભારત -મલેશિયા દ્વિપક્ષીય સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉન્નત કરવામાં આવ્યા પછી આ તેમની પ્રથમ મુલાકાત છે.

ભારત અને મલેશિયા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો પર આધારિત લાંબા સમયથી ચાલતી મિત્રતા ધરાવે છે. 29 લાખથી વધુ ભારતીય વંશના લોકો મલેશિયામાં રહે છે.

. . . . . . . . . . . . .

# BJP - CONGRESS

ભાજપે આજે વિપક્ષી નેતા રાહુલ ગાંધી પર શીખ સમુદાયનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા પક્ષના નેતા અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે શ્રી ગાંધીએ આજે સંસદ ભવન સંકુલમાં ભાજપના સાંસદ સરદાર રવનીત સિંહ બિટ્ટુ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. કોઈ પણ આધાર વગર બિટ્ટુ વિરુદ્ધ આવા શબ્દોનો ઉપયોગ કરવો એ સમગ્ર શીખ સમુદાયનું અપમાન છે.

શ્રી પુરીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા દ્વારા ઉપયોગમાં લેવાયેલા શબ્દો રાજદ્રોહ કરનાર વ્યક્તિ સૂચવે છે. કેન્દ્રીય મંત્રી પુરીએ કોંગ્રેસ પાર્ટી પર સંસદની કામગીરીમાં ખલેલ પહોંચાડવાનો પણ આરોપ લગાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# BJP – W. BENGAL

ભાજપે પશ્ચિમ બંગાળ સરકાર પર રાજ્યના બૂથ -લેવલ અધિકારીઓને ધમકાવવાનો આરોપ લગાવ્યો છે . પ્રદેશ ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ આજે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે બૂથ -લેવલ અધિકારીઓને ખાસ મતદાર યાદી સઘન સુધારણા અભિયાન - SIR હેઠળ સિસ્ટમમાં નકલી દસ્તાવેજો અપલોડ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે 2016 થી રાજ્યમાં 300 થી વધુ ભાજપ કાર્યકરોની હત્યા કરવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી શાંતિપૂર્ણ ચૂંટણીમાં માનતી નથી.

. . . . . . . . . . . . .

# DEVNIMORI – SHRI LANKA

ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષો ને આજે ભારતીય વાયુસેનાના ખાસ વિમાન દ્વારા શ્રીલંકાના કોલંબો લઈ જવામાં આવ્યા હતા . આ અવશેષોનું આ પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં એક ઉચ્ચસ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ પણ કોલંબોમાં પ હોંચ્યું હતું. શ્રીલંકાના બુદ્ધશાસન મંત્રી સુનિલ સીનવી અને જાહેર વહીવટ મંત્રી પ્રો ફેસર એ.એચ.એમ.એચ. અબેયરથ્નાએ તેમનું સ્વાગત કર્યું હતું.

અવશેષોને ગંગારામાયા મંદિરમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને આજે સાંજે પ્રતિષ્ઠિત કરવામાં આવશે, અને આવતીકાલથી જાહેર દર્શન શરૂ થશે.

. . . . . . . . . . . . .

# J & K - ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં એક ગુફામાં છુપાયેલા જૈશ-એ-મોહમ્મદના ટોચના કમાન્ડર સહિત બે પાકિસ્તાની આતંકવાદીઓ આજે માર્યા ગયા.

અમારા જમ્મુ સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે માર્યા ગયેલા બે આતંકવાદીઓમાં જૈશ-એ-મોહમ્મદનો ટોચનો કમાન્ડર રૂબાની ઉર્ફે અબુ માવિયા હતો, જે ઘણા વર્ષોથી આ વિસ્તારમાં સક્રિય હતો. અન્ય એક આતંકવાદીનો મૃતદેહ ગુફાના પ્રવેશદ્વાર પર મળી આવ્યો હતો , જ્યારે બીજો ગુફાની અંદરથી મળી આવ્યો હતો.

સેનાએ 20 કલાકથી વધુ ચાલેલા ઓપરેશનને "ક્રિયા" નામ આપ્યું હતું અને કહ્યું હતું કે ઓપરેશન પૂર્ણ થઈ ગયું છે , પરંતુ વિસ્તાર પર હજુ પણ નજર રાખવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# U-19 ODI CRICKET

અંડર-19 એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં , ઝિમ્બાબ્વેના હરારે ખાતે રમાઇ રહેલી બીજી સેમિફાઇનલ મેચમાં અફઘાનિસ્તાને ભારતને જીતવા 311 રનના લક્ષ્યાંક આપ્યો છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતે 41.1 ઓવરમાં 3 વિકેટે 311 રન બનાવ્યા છે. અગાઉ, પ્રથમ બેટિંગ કરતા , અફઘાનિસ્તાને નિર્ધારિત 50 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 310 રન બનાવ્યા હતા.

સેમિફાઇનલમાં વિજેતા ટીમ શુક્રવારે ઇંગ્લેન્ડ સામે રમશે.

. . . . . . . . . . . . .